

# એલિયન થિયરીથી અબજો કમાનારા સ્પીલબર્ગ લાવ્યા નવી ફિલ્મ ‘ડિસ્કલોઝર ડે’

**સારાંશ**
★વિન્સી મરચન્ટ

અનઆઈડેન્ટીફાઈડ ફ્લાઈંગ ઓબ્જેક્ટ્સ (યૂફો)ને સ્થાને ‘અનઆઈડેન્ટીફાઈડ એનોમલસ્ ફીનોમેના’ નામ આપીને વિષય અને ઘટનાઓને વિસ્તૃતપણે સમાવી લેવામાં આવ્યા છે. એનોમલસનો અર્થ એ થાય છે કે, જે નોર્મલ નથી, પણ જુદા પ્રકારનું છે તે. તેને પેરાનોર્મલ પણ કહે છે. એવી વાત કે ઘટના, જે સામાન્ય સમજણમાં બેસતી નથી. ફીનોમીનાનો અર્થ છે; ઘટના. યૂએપી એટલે જે સમજી શકાતી નથી તેવી અસામાન્ય ઘટના.

આ યૂએપી અથવા યૂફોએ દુનિયાના અને ખાસ કરીને અમેરિકાના માનસમાં એવું ઘર કર્યું છે કે તે સંદર્ભમાં સરકાર કંઈપણ સ્પષ્ટતા કરે, ખુલાસા આપે, પ્રજા તેને સ્વીકારવા તૈયાર જ નથી. પ્રજા માને છે કે એ ખુલાસાઓ પણ સરકારે ઢાંકપીછોડો કરવા સારૂ ઊપજાવી કાઢ્યા છે. આવું માનનારાઓમાં માત્ર સામાન્ય પ્રજા જ નથી, ઊંચા ગજાના ફિલ્મ દિગ્દર્શક અને નિર્માતા સ્ટીવન સ્પીલબર્ગ પણ છે. બીજી અનેક હસ્તીઓ છે જે માને છે કે અમેરિકન સરકાર કશુંક છુપાવી રહી છે. એક મોટો વર્ગ ઝુંબેશ ચલાવી રહ્યો છે કે સરકાર પારદર્શક બને અને યુએફોને લગતાં તમામ રહસ્યો જાહેર કરે.

અમેરિકન સરકાર દ્વારા વર્ષોથી સક્રિયપણે યુફોનાં રહસ્યો પામવાના પ્રયત્નો થયા છે. અનેક નિષ્ણાંત સંસ્થાઓ દ્વારા સાંદર્ભિક તપાસો યોજવામાં આવી છે. અનેક તપાસ કાર્યક્રમો દશકો અગાઉથી આજ સુધીમાં હાથ ધરાયા છે. હમણાંનાં વર્ષોમાં અમેરિકી સંસદ દ્વારા ઉચ્ચ સ્તરીય સુનાવણીઓ યોજવામાં આવી. અનેક ઐતિહાસિક ફાઈલોને ડીક્લાસીફાઈ જાહેર કરી પ્રગટ કરવામાં આવી. છતાં પ્રજાને લાગે છે કે સરકાર કશુંક મહત્ત્વનું છૂપાવી રહી છે.

આવી ભાવના જાગવા માટેનું મોટું કારણ તે છે કે અનંત વિશ્વમાં સૂર્યો, તારાઓ, ગેલેક્સીઓ વગેરેની સંખ્યા એવડી મોટી છે કે તેનો આંકડો ગણી શકવાની ક્ષમતા આપણી પાસે નથી, એ આંકડો બોલવાની ક્ષમતા પણ નથી. કદાચ સુપર કમ્પ્યુટરોમાં હોય તો. તે પણ ત્યારે જ સાચી રીતે કહી શકાય જ્યારે બ્રહ્માંડ કે બ્રહ્માંડો ચોક્કસપણે ક્યાં સુધી વિસ્તરેલાં છે તે છે જ નહીં. તેનું સાચું જ્ઞાન આપણી પાસે હોય! આ વિશાળતા વચ્ચે પૃથ્વીનું અસ્તિત્વ મહાસાગરોની કુલ રેતીના એક કણથી પણ વધુ સુક્ષ્મ ગણાય. એક કણના અબજો અને પરાર્ધ હિસ્સા કરાય તો તે હિસ્સા કરતાં પણ નાનું ગણાય. વિદ્વાનોનું માનવું છે કે આપણા બ્રહ્માંડમાં કઈ પૃથ્વી જ એક એવું પ્રિવિલેજ્ડ અસ્તિત્વ થોડું હોઈ શકે જ્યાં બુદ્ધિશાળી જીવો વસે છે? આપણાથી સાવ જુદાં, અલગ ક્ષમતાઓ, સ્વરૂપો ધરાવતાં જીવો અવશ્યપણે હોવા જોઈએ. દુનિયાના તમામ જાણકાર લોકો આ પ્રમેય સ્વીકારે છે, પરંતુ તે પુરવાર કરવાની સ્થિતિમાં નથી. ભલે અન્યત્ર જીવો વસતાં હોય પરંતુ તેઓ પૃથ્વીની મુલાકાતે

**સારાંશ એ રજૂ કરાય છે કે પરગ્રહવાસીઓની હાજરી કે અસ્તિત્વ છૂપાવવા માટે જગતભરમાં શાસકોનું એક ષડયંત્ર ચાલી રહ્યું છે**

આવતાં હોય તે અનિવાર્ય નથી. રાત્રે ઉડતી રકાબી જેવાં અસ્તિત્વો જોયાં છે એવા દાવા વીસમી સદીના ઉત્તરાર્ધમાં વધતા ચાલ્યા ત્યારબાદ અમુક લોકોના મગજમાં તે હોવાની ગાંઠ બંધાઈ ગઈ છે. તે ખોટી છે તેમ પણ નથી.

તપાસ દરમિયાન એવી વાત બહાર આવી, સરકારે કદાચ તે વાતને જાણી જોઈને પ્રમોટ કરી કે અમેરિકી સંરક્ષણ દળો માટે નવાં વિમાનો તૈયાર કરતી વિશાળ ફેસીલીટીઓ ખાસ કરીને રાત્રિના સમયે એ વિમાનોનાં બૃહદ પ્રરીક્ષણો અને પ્રયોગો કરવા જરૂરી હતાં. પરંતુ આકાશમાં પોતાની રોશની સાથે અભૂતપૂર્વ ઝડપે ઉડતાં વિમાનો વિષે અમેરિકાના વિરોધી અને હરીફ દેશોને જાણકારી ન મળે તે હેતુથી એ વિમાનો ઉડતાં અસ્તિત્વો એટલે કે અમેરિકાની વાયુસેનાનાં વિમાનો પરગ્રહવાસીઓની ફ્લાઈંગ સોસર્સ છે તેવી ખોટી માહિતી અમેરિકાના સંરક્ષણ વિભાગ દ્વારા જાણી જોઈને, સુયોજિત ઢંગે ફેલાવાઈ હતી. આ ખુલાસો વધુ તાર્કિક, વધુ વાજબી જણાય છે જે તપાસ દરમિયાન સામે આવ્યો હતો. પરંતુ સમાંતરે અનેક ઘટનાઓ, સરકારના કાવતરા શિક્ષિત-અશિક્ષિત લોકો દ્વારા રજૂ થતી શંકાની વાતો ફેલાઈ રહી છે. પરિણામે રહસ્યોદ્ઘાટન માટેની ઉત્કંઠા માત્ર બરકરાર નથી, વધુ મજબૂત બની રહી છે.

સિનેમા જગતના ઈતિહાસમાં સ્ટીવન સ્પીલબર્ગ એક ધુરંધર નામ છે. ત્રણ એકેડેમી, ચાર ગોલ્ડન ગ્લોબ, ચાર બાફ્ટા, બાર એમી અને એક ટોની અને એક ગ્રેમી એવોર્ડ, લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરનાં માન-અકરામ એમણે પ્રાપ્ત કર્યા છે. સવા પાંચ અબજ ડૉલરની મૂડી-અસ્કયામતો સાથે હોલીવૂડના ધનિકોમાં એમનું નામ છે. ૧૯૭૫માં એમની ફિલ્મ જોઝ (જડબાં)આવી અને બ્લોકબસ્ટર સાબિત થઈ. ત્યારથી માંડીને આજ સુધીનાં એકાવન વરસમાં એમણે ક્યારેય પાછું વળીને જોયું નથી. 1977માં ક્લોઝ એન્કાઉન્ટર્સ ઓફ ધ થર્ડ કાઈન્ડ 1982માં ઈ.ટી. ધી. એક્સ્ટ્રા- ટેરેસ્ટ્રીઅલ, 1981થી 1989 વચ્ચે ઈન્ડિયાના જોન્સ ફિલ્મ સિરીઝ, 1985માં કલર પરપલ, 1987માં એમ્પાયર ઓફ ધ સન આપી. 1993 બાદ એમનાં દિગ્દર્શનમાં એક પછી એક સફળ ફિલ્મોનો દૌર ચાલ્યો. જુરાસિક પાર્ક, શિંડલર્સ લિસ્ટ , સેવિંગ પ્રાઈવેટ રયાન, માઈનોરિટી રિપોર્ટ, વોર ઓફ ધ વલ્ડર્સ, 2012માં રેડી પ્લેયર વન અને વર્તમાન વરસમાં ડિસકલોઝર ડે વગેરે ઉલ્લેખનીય છે. 2001માં એમણે ‘AI’ આર્ટિફિસિયલ ઈન્ટેલિજન્સ’ નામક ફિલ્મ રજૂ કરી હતી. તે AIનો જમાનો હવે શરૂ થઈ રહ્યો છે.

તે એમની અગમ બુદ્ધિનું પ્રમાણ છે. એમણે કોમેડી, જાસૂસ કથા વિજ્ઞાનકથા વગેરે તમામ જોનરની ફિલ્મો રચી, ટીનટીનનાં સાહસોની એનિમેશન ફિલ્મ આપી. તે બધામાં વિજ્ઞાન કથાઓ પરથી ફિલ્મોનું પ્રભુત્વ જણાય છે. ઈ.ટી. એક પરગ્રહવાસી, વિચિત્ર છતાં પ્રેમાળ દેખાતા જીવની વાત છે.

ધ ક્લોઝ એન્કાઉન્ટર્સ ઓફ ધ થર્ડ કાઈન્ડમાં પરગ્રહવાસીઓ પૃથ્વી પર તેઓની હાજરી છતી કરી રહ્યાં છે. પરંતુ સરકાર તેઓના અસ્તિત્વનો ઈન્કાર કરે છે. એ વિષયવસ્તુ છે. સ્પીલબર્ગની રૂચિ પહેલેથી



જ પરગ્રહવાસીઓમાં છે. ઈ.ટી.માં એક પરગ્રહવાસીને પૃથ્વી પર છોડીને એના સાથીદારો પરગ્રહ પર પાછા જતાં રહે છે. એક યુવાન પૃથ્વીવાસી પાઈબર નામે એલીઅટ એ પરગ્રહવાસીને બચાવે છે અને પોતાના કુટુંબ સાથે રાખે છે. તમામ સભ્યોને ઈ.ટી. સાથે લાગણીના સંબંધો બંધાય છે.

આ પ્રકારનું બેકગ્રાઉન્ડ ધરાવતા સ્પીલબર્ગની સૌથી તાજી ફિલ્મ ડિસ્કલોઝર ડે ગઈ બાર જુને દુનિયાભરમાં રિલિઝ થઈ, સફળ નીવડી, 2024માં જ જાહેર કરાયું હતું કે સ્પીલબર્ગની હવે પછીની ફિલ્મ યુફો ફિલ્મ હશે.

હાલમાં ત્રીજા વિશ્વયુદ્ધનો ભય ફેલાયો છે તે પણ વાર્તામાં વણ્યો છે. મૂળ કથા સ્પીલબર્ગે પોતે જ લખી છે. જેમાં એક સાયબર સિક્યોરિટી નિષ્ણાંત ડો. ડેનીઅલ ફેલનર અમેરિકી સરકારની એક ગુપ્તચર એજન્સીમાંથી કેટલાંક ગુપ્ત દસ્તાવેજો ચોરી લે છે. યુફોના સંદર્ભમાં પ્રસિદ્ધ રોસવેલ ઘટના સહિતના અનેક દસ્તાવેજો તેમાં હોય છે. માર્ગરેટ ફેરચાઈલ્ડ નામની એક હવામાનશાસ્ત્રી ડેનીઅલ કેલનરને સાથ આપતી હોય છે.

એ ઘરે હોય છે. ત્યારે કાર્ડિનલ પ્રકારનું એક પક્ષી માર્ગરેટના ઘર ઉડતું આવી પહોંચે છે. થોડો સમય માટે એ માર્ગરેટને નિખરતું રહે છે અને પછી ઉડી જાય છે. આ ઘટના બાદ માર્ગરેટની પેરા નોર્મલ , અદભૂત શક્તિઓને પામવા સમજવાની શક્તિ વધી જાય છે. કુલ સારાંશ એ રજૂ કરાય છે કે પરગ્રહવાસીઓની હાજરી કે અસ્તિત્વ છૂપાવવા માટે જગતભરમાં શાસકોનું એક ષડયંત્ર ચાલી રહ્યું છે. લોકો તે રહસ્યો યોજનાબદ્ધ રીતે બહાર પાડે તો પરગ્રહવાસીઓ સાથે દોસ્તી વધે અને પૃથ્વીના લોકો પણ એક બનશે. આ વિચારમાં ફિલ્મનો નાયક માને છે.

